## વિદ્યાર્થીઓનું ભણતર ના બગડે તે હેતુથી

# સ્વર્ણિમ યુનિવર્સીટી દ્વારા ઈ-લર્નીંગની નવી પહેલ

ગાંધીનગર, બુધવાર

ચીનના વુહાન શહેરથી કોરોના વાઈરસે સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવ્યો છે ત્યારે કેન્દ્ર અને રાજય સરકારો દ્વારા પણ આ વાઈરસ સામે તકેદારી રાખવાના ભાગરૂપે પ્રયાસો કરાઈ રહયા છે. ગુજરાત સરકારે પણ સતત ૧૪ દિવસ સુધી શાળા, કોલેજો, મોલ, મલ્ટીપ્લેક્ષો બંધ રાખવાનો આદેશ કર્યો છે ત્યારે શાળા કોલેજોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનું ભણતર બગડે નહીં તે માટે ગાંધીનગરની સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિ. દ્વારા ઈ-લર્નીંગની પહેલ કરવામાં આવનાર છે.

## પ્રાધ્યાપકો દ્વારા વિષયોનું વીડીયો રેકોર્ડીંગ કરી ઈન્ટરનેટના માધ્યમથી વિદ્યાર્થીઓ સુધી પહોંચાડશે

કોરોના વાઈરસના પગલે કેન્દ્ર અને રાજય સરકારો સચેત થઈને પગલાં લઈ રહી છે ત્યારે ગુજરાત સરકારે પણ ૧૪ દિવસ સુધી શાળા કોલેજો, મોલ, શોપીંગ સેન્ટરો, મલ્ટીપ્લેક્ષ થિયેટરો બંધ રાખવાના આદેશ જારી કરી દીધા છે. ત્યારે સતત ૧૪ દિવસ સુધી શાળા કોલેજો બંધ કરાવવામાં આવતાં વિદ્યાર્થીઓના ભણતર ઉપર તેની સીધી અસર થવાની છે ત્યારે ૧૪ દિવસના આ વેકેશનનો સદઉપયોગ થાય તે હેતુથી ગાંધીનગર નજીક ભોયણ ખાતે આવેલી સ્વર્ણીમ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન યુનિ. દ્વારા ઈ-લર્નીંગની નવી પહેલ કરવામાં આવી રહી છે. આ પહેલા અંતર્ગત કોલેજના પ્રાધ્યાપકો લેકચરનું વીડીયો રેકોર્ડીંગ કરીને વિદ્યાર્થીઓને વોટ્સએપ કે અન્ય માધ્યમથી પહોંચતું કરશે જેથી વિદ્યાર્થીઓ ઓનલાઈન માધ્યમથી ઘરે બેઠા શૈક્ષણિક કાર્ય કરી શકશે. આમ જે એકેડેમીક ટાઈમ ટેબલ વર્ગખંડોમાં અનુસરવામાં આવતું હતું તે જ પ્રમાણે વિદ્યાર્થીઓ ઓનલાઈન ઈ-લર્નીંગના માધ્યમથી અભ્યાસ કરી શકશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને મુંઝવતાં પ્રશ્નો માટે પણ ઈન્ટરનેટના માધ્યમથી જવાબો અધ્યાપકો દ્વારા મળી શકશે. ઉલ્લેખનીય છે કે આ યુનિ.માં એન્જીનીયરીંગ, ડીઝાઈન, આર્યુવેદિક, નર્સીંગ, હોમિયોપેથી, ફીઝીયોથેરાપી, સાયન્સ, બિઝનેસ જેવી અનેક શાખાઓમાં વિદ્યાર્થીઓને આ પ્રકારે શિક્ષણ મળશે.